**બિનઅનામત વર્ગની જાતિઓની યાદીમાં નવી જાતિઓ/પેટા જાતિઓનો સમાવેશ કરવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૮/૨૧૮૯૨૭(પા.ફા.)/અ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૨/૧૧/૨૦૨૦

વંચાણે લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૧૨/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૮/૨૧૮૯૨૭/અ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૧/૦૧/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૮/૨૧૮૯૨૭(પા.ફા.)/અ

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૮/૦૫/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૯/૧૪૯૭૬૯/અ

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૦/૦૮/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૮/૨૧૮૯૨૭(પા.ફા.)/અ

## પ્રસ્તાવના

વંચાણે લીધા ક્રમાંક (૧) માં દર્શાવેલ તા.૦૬/૧૨/૨૦૧૮ના ઠરાવથી બિનઅનામત વર્ગની જાતિઓ નક્કી કરવામાં આવેલ છે, જેમાં બિનઅનામત વર્ગની જાતિઓની યાદી (પરિશિષ્ટ-ચ) માં કુલ ૬૭ જાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. વંચાણે લીધા ક્રમાંક (૨) અને (૩)માં દર્શાવેલ અનુક્રમે તા.૦૧/૦૧/૨૦૧૯ના અને તા.૩૦/૦૮/૨૦૧૯ના ઠરાવોથી બિનઅનામત વર્ગની જાતિઓની યાદીમાં નવી જાતિઓ તેમજ પર્યાયવાચી શબ્દોનો સમાવેશ કરવામાં આવેલ છે.

બિનઅનામત વર્ગની જાતિઓની યાદીમાં સમાવેશ થયેલ ન હોય એવા બિનઅનામત વર્ગના અરજદારો/સંસ્થાઓ તરફથી તેઓની જાતિનો બિનઅનામત વર્ગની જાતિઓની યાદીમાં સમાવેશ કરવા અત્રે રજૂઆત કરવામાં આવેલ હતી. જે અન્વયે બિનઅનામત વર્ગની જાતિઓની યાદીમાં બાકી રહેલ જાતિઓ/પેટા જાતિઓનો સમાવેશ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ

1. પુખ્ત વિચારણાના અંતે, વંચાણે લીધા ક્રમાંક (૧) માં દર્શાવેલ તા.૦૬/૧૨/૨૦૧૮ના ઠરાવના પરિશિષ્ટ-ચમાં દર્શાવેલ બિનઅનામત વર્ગની જાતિઓની યાદીમાં નીચે મુજબની જાતિઓ/પેટા જાતિઓનો સમાવેશ કરવામાં આવે છે.

2. પરિશિષ્ટ-ચ માં "A- બિનઅનામત હિન્દુ જાતિઓ"માં નીચે મુજબની જાતિઓ/પેટા જાતિઓનો સમાવેશ કરવામાં આવે છે.

42. N હિન્દુ વાલમ બ્રાહ્મણ

42. O ખંડેલવાલ (મૂળે ગુજરાતમાં સ્થાયી થયેલ)

42. P મોઢ વણીક, મોઢ વાણીયા

42. Q રાયકવાળ બ્રાહ્મણ

42. R ખેડાવાળ બ્રાહ્મણ, બાજ ખેડાવાળ બ્રાહ્મણ, સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ

42. S જેઠી મલ્લ, જેષ્ઠી મલ્લ, જ્યેષ્ઠી મલ્લ

42. T પુરબીયા રાજપૂત ક્ષત્રિય

42. U હિન્દુ આરેઠીયા

42. V વાવિયા

42. W હિન્દુ મહેતા

42. X મોરબીયા

42. Y જોબનપુત્રા

42. Z પુષ્કર્ણા બ્રાહ્મણ

42. ZA સિધ્ધરુદ્ર બ્રાહ્મણ

42. ZB સાંચીહર બ્રાહ્મણ

42. ZC પુરોહિત, રાજપુરોહિત

42. ZD માહેશ્વરી, અગ્રવાલ, અગ્રવાલ (વૈષ્ણવ વણિક), અગ્રવાલ (વૈષ્ણવ વાણિયા)

42. ZE ઠક્કર

42. ZF મારૂ રાજપૂત

42. ZG અમદાવાદ રાવત (રાજપૂત)

3. પરિશિષ્ટ-ચ માં "B- બિનઅનામત મુસ્લિમ જાતિઓ"માં નીચે મુજબની જાતિઓ/પેટા જાતિઓનો સમાવેશ કરવામાં આવે છે.

66. F કુરેશી મુસ્લીમ

66. G સુન્ની મુસલમાન વ્હોરા પટેલ, સુન્ની મુસલમાન

66. H શીયા જાફરી મોમીન જમાત, મુસલમાન મોમીન

66. I મોમીન, વૈદ્ય જ્ઞાતિ, મોમીન સુથાર, સુથાર (મુસ્લીમ), મુમન

66. J ખેડવાયા મુસ્લીમ

66. K ચૌહાણ (મુસલમાન)

66. L મુસ્લીમ ખત્રી

66. M બુખારી

66. N મુસ્લીમ રાઉમા, મુસ્લીમ રાયમા

66. O મીરઝા, બેગ

66. P પિંઢારા

66. Q મુસ્લીમ વેપારી

4. બિનઅનામત વર્ગની જાતિઓની યાદી સક્ષમ સત્તાધિકારીઓને પ્રમાણપત્રો આપવામાં સરળતા રહે તે માટે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૩) માં દર્શાવેલ તા.૦૮/૦૫/૨૦૧૯ના ઠરાવથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો / અન્ય પછાત વર્ગો સિવાયની કોઈ જાતિ, સમૂહ કે જૂથનો ઉલ્લેખ બિનઅનામત વર્ગની યાદીમાં ન થયો હોય તેવી જાતિના ઉમેદવારો/અરજદારોને પણ સક્ષમ સત્તાધિકારીએ (Competent authority)દ્વારા બિનઅનામત વર્ગનું પ્રમાણપત્ર આપવાનું રહેશે, તે સૂચનાઓનો અત્રે પુનરોચ્ચાર કરવામાં આવેલ છે.

5. બિનઅનામત વર્ગના પ્રમાણપત્રો આપવા માટે તા.૦૬/૧૨/૨૦૧૮ના ઠરાવની અન્ય સૂચનાઓ યથાવત રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧૪/૧૦/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.અધિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક. મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય ગાંધીનગર-જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ સર્વે અધિકારીઓને પરીપત્રિત કરવા સારૂ.

- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ સર્વે અધિકારીઓને પરીપત્રિત કરવા સારૂ
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.
- માહિતી કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ.
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, સેકટર-૧૯, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. વખતોવખતના ઠરાવોથી સમાવેશ કરવામાં આવેલ જાતિઓ/પેટા જાતિઓની સંકલિત યાદી નિયામકશ્રી(વિ.જા.ક)ની વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રી (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવા સારૂ)
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવા સારૂ)
- સર્વે નાયબ નિયામકશ્રી(વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (નિયામકશ્રી, વિ.જા.ક. મારફત)
- કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. વિભાગની વેબસઈટ ઉપર અપલોડ કરવા સારૂ.
- National Informatics Centre, બ્લોક નં.૧૩/૨ જો માળ, સચિવાલય, ગાંધીનગર. ઠરાવ્યા મુજબની જાતિઓ NIC સોફ્ટવેરમાં સામેલ કરવા અંગેની કાર્યવાહી કરવા સારૂ.
- નાયબ સેક્શન અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ